દાખલ તારીખ :૩૦–૦૫–૨૦૨૬

રજી. તારીખ :૩૦–૦૫–૨૦૨૬

ફેસલ તારીખ :૧૧–૦૬–૨૦૨૬

સમય ગાળો : વર્ષ: માસ: દિવસ:

૦૦ – ૦૦ – ૧૨

## જૂનાગઢના મહે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.જુનાગઢ

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૩૯/૨૦૨૬.**

આંક :

**અરજદાર :** ઈબ્રાહીમ ઉર્ફે ટીટો રફીકભાઈ મંધરા,
ઉ.વ.૨૫, ધંધો–પ્રાઈવેટ નોકરી,
રહે. પીશોરી વાડા, સીમેન્ટવાળી ગલીમાં,
સુખનાથ ચોક, જુનાગઢ.

**–:: વિ રૂ ધ્ધ ::–**

**સામાવાળા :** સ્ટેટ ઓફ ગુજરાત,
નોટીશ થ્રુ : ગવર્નમેન્ટ પ્લીડર,
જુનાગઢ.

બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ
મુદ્દામાલ મોબાઈલ પરત મળવા અંગે.

| |
|---|
| અરજદાર તરફે વિ.વકીલશ્રી એ.એમ.મકરાણી |
| સામાવાળા/સરકારશ્રી તરફે વિ. એડી.પી.પી. શ્રી વી. જી. દોંગા. |

**–: ઠ રા વ :–**

(૧) અરજદારે હાલની અરજી દાખલ કરી જણાવેલ છે કે, જૂનાગઢ એ.ડીવી. પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૧૮૭/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૧(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે પોલીસે OPPO A74 મોબાઈલ ફોન અરજદારની માલીકીનો મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે અને સદરહુ મોબાઈલ તેમના રોજબરોજના વપરાશનુ અને ધંધાનુ સાધન છે અને કબજે કરેલ

મોબાઈલ ફોન ટ્રાયલ ચાલતાલાંબો સમય લાગે તેમ હોય તેથી લાંબો સમય બીનપવરાશી પડયો રહે તો તેમાં યાંત્રીક ખામી થાય, સ્પેરપાર્ટસ, બેટરી, ડીસપ્લેને નુકશાન થાય મોટો ખર્ચ આવે તેમ છે તે તમામ હકીકતે ટ્રાયલ ચાલતા દરમ્યાન યોગ્ય શરતોને આધિન મુદ્દામાલવાળો મોબાઈલ ફોન તેઓને પરત સોંપવા અરજદારે હાલની આ અરજી કરેલ છે.

(૨) અરજદારે તેની અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી મોબાઈલની બીલની નકલ માર્ક–૩/૧ થી, અરજદારના આધાર કાર્ડની નકલ માર્ક ૩/૨ થી, એફ.આઈ.આર.ની નકલ ૩/૩ થી રજુ કરેલ છે. જે લક્ષમાં લેવામાં આવેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી. શ્રી વી.જી.દોંગા હાજર થયેલા છે અને અરજી અન્વયે તપાસ કરનાર પોલીસ અધિકારીનો અભિપ્રાય આંક–૦૫ થી રજુ થયેલ છે તેમાં અરજદારને મુદ્દામાલ મોબાઈલ પરત સોંપવામાં આવશે તો ફરીવાર આવા ગુન્હામાં ઉપયોગ કરશે તેમજ બહાર વેચી નાખશે અને કેસ ચાલતા મુદ્દામાલ રજુ કરશે નહીં જેથી મુદ્દામાલ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે અને આ કામે ચાર્જશીટ થઈ ગયેલા હોવાનુ જણાવેલ છે અને સાથે પંચનામુ તથા મુદ્દામાલ પાવતી રજુ કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૪) અરજદાર તરફે વિ. વકીલશ્રી એ.એમ.મકરાણીને સાંભળ્યા તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી. પી. શ્રી વી. જી. દોંગાને સાંભળ્યા.

(૫) આ કામે અરજીની હકીકત, પક્ષકારોની દલીલો, રજુ દસ્તાવેજી આધારો, પોલીસ અભિપ્રાય ધ્યાને લેતાં જૂનાગઢ એ.ડીવી. પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧

૨૦૩૦૨૩૨૬૦૧૮૭/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૧(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે પોલીસે OPPO A74 મોબાઈલ ફોન મુદ્દામાલ તરીકે કબજે લીધેલ છે. વધુમાં આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોનના બીલની નકલ માર્ક ૩/૧ થી અરજદાર તરફે આ કામે રજુ કરેલ છે તે ધ્યાને લેતા મુદ્દામાલવાળા OPPO A74 મોબાઈલ ફોનના અરજદાર માલિક હોવાનુ જણાય આવે છે. વધુમાં આ કામે પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા ચાર્જશીટ થઈ ગયેલ હોય જેથી સદરહુ મુદ્દામાલની તપાસના કામે જરૂરીયાત હોય તેવું જણાય આવતુ નથી. સદર ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય પસાર થાય તેમ હોય, આ સમય દરમ્યાન મોબાઈલ ફોન પોલીસ સ્ટેશનમાં બીન–ઉપયોગી પડયો રહે તો તેના સ્પેર પાર્ટસ, બેટરી ખરાબ થઈ જાય તેમ છે. આ કામે તમામ સંજોગોને લક્ષમાં લેતાં તથા આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટના **એ.આઈ.આર. ૨૦૦૩. સુ.કો. પેજ નં.– ૬૩૮. સુંદરલાલ અંબાલાલ દેશાઈ –વિ– સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ હાલનો મુદામાલ બિન ઉપયોગી પડી રાખવાથી કોઈ હેતુ સરે તેમ નથી. જયારે તેના કબજેદાર–માલિકને નુકશાન થાય છે. ત્યારે સમગ્ર હકીકતો જોતા હાલની અરજી દાદનો ઈન્કાર કરવો ન્યાય સંગત જણાતું ન હોય તેમજ આ કામના અરજદાર જામીન આપવા અને શરતો પાળવા તૈયાર અને ખુશી હોય, આ સંજોગોમાં યોગ્ય શરતોને આધિન મુદ્દામાલનો, કેસ ચાલતા દરમ્યાન વચગાળાનો કબજો પરત સોંપવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનુ માનવુ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) જૂનાગઢ એ.ડીવી. પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૦૩૦૨૩૨૬૦૧૮૭/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૧(બી) તથા ૨૯ મુજબના ગુનાના કામે પોલીસે OPPO A74 મોબાઈલ ફોન જેના IMEI No. 868896051167270,

868896051167262 વાળો મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેમજ તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી કેસ ચાલતા દરમ્યાનનો વચગાળાનો કબજો અરજદારને નીચેની શરતોને આધિન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>**શ ર તો :–**</u>

૧) અરજદારે સદર મુદામાલ વાળા મોબાઈલ ફોનની ઓળખમાં ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

૨) અરજદારે મુદામાલવાળો મોબાઈલ ફોન કેસ ચાલતા સુધી અન્ય કોઈને કોઈપણ રીતે વેંચાણથી, બક્ષીસથી, ગીરોથી કે કોઈપણ રીતે ટ્રાન્સફર તબદીલ કરવો–કરાવવો નહીં.

૩) અરજદારે ઉપરોકત મુદ્દામાલવાળો મોબાઈલ ફોન કોર્ટ ફરમાવે ત્યારે હુકમ મુજબ રજુ કરવાનો રહેશે.

૪) અરજદારે ઉપરોકત મુદ્દામાલવાળા મોબાઈલ ફોનનો કોઈ ગેરકાનુની પ્રવૃતિમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં.

૫) અરજદારને મુદ્દામાલ સોંપતી વખતે ત. ક. અમલદારે અરજદારના ખર્ચે મુદ્દામાલ મોબાઈલ ફોનના ચારેય એંગલથી ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ ઓળખી શકાય તે રીતે ફોટા પાડી અત્રેની કોર્ટમાં રજુ કરવા.

(૩) હુકમ મુજબના જામીન અને જાત મુચરકા સબંધીત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા.

(૪) આ હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી. આ હુકમ આજ રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૬/૨૦૨૬<br>
જૂનાગઢ.

**(એ. આર. રાણા)**<br>
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,<br>
જુનાગઢ<br>
(કોડ નં.જીજે.૦૦૯૬૫)